**ફોજદારી કેસ નં. ૭૩૬૬/૨૦૨૧**

## આંક–૧ લગત હુકમ

૧. આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(ઇ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આંક ૦૧ થી રજુ ચાર્જશીટની વિગતો, ફરીયાદ હકીકત તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેતાં આ કામે ૨૦ લીટરથી ઓછો દારૂ કબજે કરવામાં આવેલ હોવાનું કથન કરવામાં આવેલ છે. હાલનો ગુનો ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૭ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ નોંધણી થયેલ છે ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃ જીજી/૧૦૩/૨૦૦૯/૨૦૬૧/ઈ–૧ : ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (૧૯૪૯નો ૨૫ મો) ની કલમ–૬૫(ક્ક) થી મળેલ સત્તા રૂએ કેફી પદાર્થના જથ્થા માટે ૨૦ લીટર નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આમ, ગુજરાત પ્રોહીબીશન એકટમાં થયેલ સુધારા બાદ તા. ૦૬/૧૧/૨૦૧૯ બાદ જો કોઈ ગુનો આ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય અને દારૂનો જથ્થો ૨૦ લિટર કરતા ઓછો હોય તો સદર આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો બને છે. હાલના ગુનામાં કબજે કરવામાં આવેલ દારૂનો જથ્થો ૨૦ લિટર કરતા ઓછો હોય જેથી હાલના કામે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઇ) નો ગુનો નહીં બનતો હોવાનું અને આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો બનતો હોવાનું ફલીત થાય છે. જેથી આંક–૧ લગત હુકમ કરી આ કામના આરોપી સામે પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ) ના સ્થાને પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) નું તહોમતનામું ફરમાવવાનો હુકમ કરેલ છે.

૩. આરોપી હાજર થતા સદરહું ગુનો કબુલ કરી ગરીબ તથા કુટુંબ ધરાવતા હોવાનું જણાવે છે. આરોપી સદરહું ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાય આવે છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી. **નામદાર ગુજરાત હાઇકોર્ટે નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં. ૭૦૯** ઉપર પ્રકાશીત ચુકાદામાં ઠરાવેલ છે કે, જો સંજોગો હોય તો માન્ય સજાના ધોરણ કરતા પણ મામુલી સજા કરવા કોર્ટ સક્ષમ છે. આમ, આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઈ અંગેના **નામદાર**

**ગુજરાત હાઈકોર્ટનો નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં. ૭૦૯** ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિંધ્ધાતોને ધ્યાનમાં લઈ તથા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો લક્ષે લેતાં તથા ગુનાનો પ્રકાર અને સ્વરૂપ લક્ષે લેતાં આ કામે દંડ કરવો ન્યાયોચિત જણાય છે. ઉપરોકત પેરા નં. ૨ માં ચર્ચા કરી તે અનુસાર આ કામે કબજે કરવામાં આવેલ દારૂનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો હોય જેથી આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબનો ગુનો પુરવાર થયેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતાં તથા આરોપીએ ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

➔ આ કામના આરોપી **લીલાબેન તે વરસંગજી પુનમજી ઠાકોર**ને **ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૪૮** અન્વયે પ્રોહી. એકટ કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરૂં છું.

➔ મુદ્દામાલ દારૂ નાશપાત્ર હોય અપીલ પીરયડ બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તા. ૧૩ માહે–મે, સને ૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩
*D.J.Vaniya/P.A.*

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ(ગ્રામ્ય)
જજ કોડ નં. જીજે૦૦૯૫૭